**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૨૨.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૬ ટકા

# સે-૨/એ ખાતે કરવા ચોથની ઉજવણી

## ગાંધીનગર ઉપરાંત કડી-કલોલ અને અમદાવાદમાંથી મોટી સંખ્યામાં ઉત્તર ભારતીય મહિલાઓ જોડાઈ





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં છેલ્લા ૧૭ વર્ષથી ઉજવાતાં સામુહિક કરવા ચોથનું વ્રત સે-૨/એ પ્લોટ નં.૭/૨ ની સામેના બગીચામાં આજે ભવ્ય રીતે ઉજવાયું હતું. આ વ્રતની સામુહિક ઉજવણીના આયોજક ભુમિબેન જોગાણીના જણાવ્યા અનુસાર આશરે ૧૫૦થી વધુ પરિણીતાઓએ વ્રતની ઉજવણીમાં ભાગ લીધો હતો.

કરવા ચોથ એ ભારતમાં ખાસ કરીને હીન્દી ભાષી રાજયોમાં પરિણીતાઓ દ્વારા પોતાના પતિના લાંબા આયુષ્યની કામના માટે ઉજવાતું પ્રસિધ્ધ વ્રત છે. જે હવે ભારતભરમાં પ્રચલિત બની રહયું છે. ગાંધીનગરમાં મોટી સખ્યામાં હીન્દી ભાષી પરપ્રાંતિય પરિવારો વસવાટ કરી રહયા છે તદુપરાંત ગાંધીનગર આસપાસના વિસ્તારો જેવા કે અમદાવાદના નિકોલ, બાપુનગર, મણીનગર તથા બોપલ તેમજ કડી, કલોલ જેવા સ્થળોએથી પણ મોટી સંખ્યામાં સુહાગન મહિલાઓએ કરવા ચોથની સામુહિક ઉજવણીમાં ભાગ લીધો હતો. સેકટર-૨/એમાં કરવામાં આવેલા પરંપરાગત આયોજનમાં પરિણીતાઓ શુભ મનાતાં લાલ રંગના વસ્ત્રોમાં નવીનવેલી દુલ્હન જેવા સાજ શણગાર સજીને ઉમટી પડી હતી અને સામુહિક પૂજામાં ભાગ લીધો હતો. આ પૂજામાં કરવરા ગીત સાથે વ્રતની વાર્તા રજૂ કરાઈ હતી અને પૂજાના સમાપને વિવાહિતાઓએ માતાજીના નામના જયકારા કર્યા હતા અને પતિ માટે દીર્ઘાયુની પ્રાર્થના કરી હતી. આ આયોજનમાં મહિલાઓ તેમજ ઉપસ્થિત અન્યો માટે ફેનિયા પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી તેમજ સેલ્ફી પોઈન્ટ બનાવાયો હતો. સામુહિક પૂજાના સમાપને આયોજક ભુમિબેન જોગાણી દ્વારા લકી ડ્રો યોજીને ભાગ્યશાળી વિજેતાઓને ઈનામો આપી સન્માનિત કર્યા હતા.

# આજે કોબા પ્રેક્ષાભારતી ખાતે જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો

## મંત્રી ૠષિકેશ પટેલના હસ્તે યોજનાઓના લાભ અપાશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો જરૂરિયાતમંદ નાગરિકોને હાથોહાથ પહોંચાડવાના યજ્ઞ તરીકે રાજ્યભરમાં ગરીબ કલ્યાણ મેળા યોજાઈ રહ્યા છે. ગાંધીનગર જિલ્લાના નાગરિકોને સરકારની યોજનાઓના લાભો પહોંચાડવા જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો આવતીકાલ તા. ૧૪મી ને શુક્રવારે સવારે ૧૦:૦૦ કલાકે પ્રેક્ષા વિશ્વ ભારતી, કોબા ખાતે યોજાશે. જિલ્લા કક્ષાના આ ગરીબ કલ્યાણ મેળામાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે યોજનાઓના લાભો લાભાર્થીઓને અપાશે. રાજ્ય સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વિવિધ યોજનાઓના લાભો જરૂરિયાતમંદોને સીધા હાથોહાથ અપાશે.

## ગાંધીનગરની બીબીએ કોલેજમાં

# એનએસએસ યુનિટ દ્વારા ''રેર ડીસીઝ અવેરનેસ'' બાબતે એકદિવસીય વર્કશોપ



ગાંધીનગર, તા.૧૩

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કૉલેજનાં તૃતીય વર્ષના ૨૭૦ વિદ્યાર્થીઓ વર્કશોપ માં જોડાયા હતા. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શનમાં ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા સંપૂર્ણ કાર્યક્રમનું સંકલન કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને આ દુર્લભ રોગ બાબતે જનજાગૃતિ ફેલાવવા જણાવ્યુ હતું. દુર્લભ રોગ દિવસ જે ૨૦૦૮ થી દર વર્ષે ૨૮ ફેબ્રુયારીના દિવસે ઉજવવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય લોકો અને સરકારમાં નિર્ણય લેનારાઓમાં દુર્લભ રોગો અને દર્દીઓના જીવન પર તેની અસર વિશે જાગૃતિ લાવવાનો છે. આ ઝુંબેશ મુખ્યત્વે સામાન્ય જનતાને લક્ષ્યાંકિત કરે છે અને નીતિ ઘડવૈયાઓ, જાહેર સત્તાવાળાઓ, ઉદ્યોગના પ્રતિનિધિઓ, સંશોધકો, આરોગ્ય વ્યાવસાયિકો અને દુર્લભ રોગોમાં વાસ્તવિક રસ ધરાવતા કોઈપણ લોકોમાં જાગૃતિ લાવવાનો પણ પ્રયાસ કરે છે.

દુર્લભ રોગો વિશે જાગૃતિ કેળવવી એટલી મહત્વપૂર્ણ છે કારણ કે ૨૦માંથી ૧ વ્યક્તિ તેમના જીવનના અમુક તબક્કે દુર્લભ રોગ સાથે જીવશે. આ હોવા છતાં, મોટાભાગના દુર્લભ રોગોનો કોઈ ઈલાજ નથી અને ઘણાનું નિદાન થતું નથી. દુર્લભ રોગ દિવસ સામાન્ય લોકોમાં દુર્લભ રોગોની જાણકારીમાં વધારો કરે છે. જ્યારે સંશોધકો અને નિર્ણય લેનારાઓને દુર્લભ રોગોથી જીવતા લોકોની જરૂરિયાતો બાબતે મદદરૂપ થવા પ્રોત્સાહિત કરે છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે વક્તૃત્વ તેમજ ચિત્ર સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૧૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સપ્તધારા વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના સયુંક્ત ઉપક્રમે વક્તૃત્વ તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિવિધ વિભાગના કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બંને સ્પર્ધાઓનો વિષય "બેટી બચાવો અને બેટી પઢાવો" હતો. સ્પર્ધામાં સતીશભાઈ કડિયા, મહિલા કલ્યાણ અધિકારીની ઉપસ્થિતિ રહી હતી. સ્પર્ધામાં દરેક વિદ્યાર્થીએ આપેલા વિષય પર ખૂબ જ સુંદર રીતે પોતાની પ્રસ્તુતિ રજુ કરી હતી. કાર્યક્રમના અંતે વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ઉર્વીશા વરસાણી, દ્વિતીય ક્રમાંકે રિદ્ધિ પટેલ અને તૃતીય ક્રમાંકે હેપ્પી મિસ્ત્રી રહ્યા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે આરતી દુબાણીયા, દ્વિતીય ક્રમાંકે રીમ્પલ બાર અને તૃતીય ક્રમાંકે અભી દેસાઈ રહ્યા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા ડૉ. સંજય પટેલ અને નરેન્દ્ર વસાવા દ્બારા જયારે ચિત્ર સ્પર્ધામાં આ ભૂમિકા શ્રી જયદેવભાઈ ધાંધિયા અને શ્રી બિપિનભાઈ સથવારા દ્વારા નિભાવવામાં આવી હતી.

વિજેતાઓને અભિનંદન આપતા સ્પર્ધામાં ઉપસ્થિત શ્રી સતીશભાઈ કડિયા દ્વારા વિદ્યાર્થીઓને જીવનલક્ષી શિક્ષણ સંદર્ભે સજાગ રહેવાની અને સતત શીખતા રહેવાની ઉમદા વાત પોતાના વક્તવ્યમાં કરવામાં આવી હતી. વધુમાં, તેમણે આ સમગ્ર આયોજન સયુંક્ત ઉપક્રમે આયોજિત કરવાની સંમતિ આપવા બદલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં સપ્તધારા વિભાગના અધ્યક્ષ ડૉ. ભૈરવીબહેન દિક્ષીત અને પ્રશિક્ષણ કેન્દ્રના નિયામક ભાવેશ જેઠવા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંકલન ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબીશન-ઈસરોની મુલાકાત



આપણે દેશ કોમ્પ્યુરાઈઝેશન, ઓટોમેશન અને ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ ભરી રહયો છે ત્યારે આ વિષયોનો અભ્યાસ અને માહિતી મેળવવા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીપી કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ બીસીએ અનો એસવી ઈન્સ્ટી.ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએના સેમે.૩ના અભ્યાસ કરતાં ૫૬ વિદ્યાર્થીઓએ ઈસરોના વિક્રમ સારાભાઈ સ્પેશ એક્ઝિબીશનની મુલાકાત લીધી હતી. મુલાકાતના આયોજન અંગે માહિતી આપતાં પ્રિન્સીપાલ ડો.રૂપેશ વ્યાસે જણાવ્યું કે યુનિ.ના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલની દરેક વિદ્યાર્થી સમગ્ર વર્ષ દરમ્યાન વધુમાં વધુ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લે તેવી દુરંદેશીતાને ધ્યાને રાખી સમગ્ર વર્ષ દરમ્યાન કોલેજમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ વારંવાર ઔદ્યોગિક એકમોની મુલાકાત લે તે પ્રમાણેનું આયોજન કોલેજ દ્વારા કરવામાં આવે છે.

# જન્મદિને વધામણી


હેમાંગભાઈ દોશી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ, ટ્રસ્ટી


અશ્વિન કે વ્યાસ (કૂકર)
મો. ૯૮૨૫૦ ૩૯૦૪૯


જીલ પટેલ
મો. ૬૩૫૫ ૭૮૩ ૦૮૦


ફાલ્ગુની
કમલેશકુમાર પરમાર


સંદીપકુમાર
ગણપતભાઈ પ્રજાપતિ
મો. ૯૫૭૪૯ ૫૩૨૧૩


સ્તુતિ નિલેશ પટેલ
મો. ૯૯૭૪૧ ૦૩૭૪૧


વાઘેલા જયદીપસિંહ
સુરેન્દ્રસિંહ
મો. ૭૮૧૭૦ ૫૦૧૭૨


મોહિત કનુભાઈ પટેલ
મો. ૭૦૪૮૨ ૯૫૩૮૬


વાઘેલા બલવંતસિંહ
પ્રભાતસિંહ
મો. ૮૫૧૧૦ ૭૭૧૭૫


ધનવી મયુર જોષી


ઉર્વશીબેન


પ્રજાપતિ વિષ્ણુભાઈ
કાંતિભાઈ
મો. ૯૭૨૫૨ ૧૮૬૬૯


તન્નુબેન

# જિલ્લા કક્ષાના યુવા સંવાદ ૨૦૪૭ અને યુવા મહોત્સવ ૨૦૨૨ની ઉજવણી




નેહરુ યુવા કેન્દ્ર-ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષાના યુવા સંવાદ તેમજ યુવા મહોત્સવ ૨૦૨૨ની ઉજવણી માણસા તાલુકાના નવનિર્મિત સરદાર પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથિ વિશેષ રત્નાકર સુનિરવાલ, ડી.ડી.પટેલ, સંજીવભાઈ મહેતા, રજનીકાંત સુથાર, અનિલભાઈ પટેલ, દિનેશભાઈ વ્યાસ, કૈલાસબેન પટેલ, પ્રમુખ માણસા નગરપાલિકા અન્ય કોર્પોરેટર તેમજ જિલ્લાના અન્ય યુવાનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ચિત્ર સ્પર્ધા, કવિતા લેખન સ્પર્ધા, ફોટોગ્રાફી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા તેમજ યુવા સંવાદનુ આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમના અંતે તમામ વિજેતાને સર્ટિફિકેટ તેમજ ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સે-૨/સી ખાતે રામ કથામાં રામ જન્મ દિવસ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર, તા.૧૩

સેકટર નં-૨/સી ખાતે ચાલી રહેલી રામ માનસ કથાનાં ચોથા દિવસે કથાકાર ગોપાલદાસ બાપુ ની ઉસ્થિતિમાં કથામાં રામ ભગવાન નો જન્મ ધામધુમથી ઉજવાયો હતો. ગોપી મહિલા મંડળની બહેનો દ્વારા સુમીત્રા, કૈકેયી તેમજ કૌશલ્યાનાં પાત્રો ભજવી રામ ભગવાન સાથે સાથે લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નને પારણાંમાં ઝુલાવી, ચોપાઈઓની રમઝટ સાથે કથા પ્રેમીઓ ઝુમી ઉઠ્યા હતા. બહેનોએ રાસ ગરબા ગાઈ રામનાં જન્મને સફળ બનાવ્યો હતો.

# અમદાવાદ-ગાંધીનગર આહીર સમાજ દ્વારા થનગનાટ વાર્ષિક રસોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

શ્રી અમદાવાદ-ગાંધીનગર આહીર સમાજ દ્વારા તા.૧૫ને શનિવારના રોજ ગણેશા પાર્ટી પ્લોટ, ગાંધીનગર ખાતે રાત્ર વાર્ષિક રાસ-ગરબા થનગનાટ-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે. શદર પૂનમની પરંપરાગત ઉજવણીના ભાગરૂપે આ આયોજન કરવામાં આવ્યું છે જેમાં આહીર સમાજના ભાઈ-બહેનો ભાતીગળ અને પારંપરિક પરિધાન સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને ગરબે રમશે.

આ માટે ગાંધીનગર ખાતે આહીર સમાજ દ્વારા રાસ ગરબાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને આખરી ઓપ અપાઈ રહયો છે. આ મહોત્સવમાં બાબુભાઈ આહીર (કચ્છ), નિલેષ ગઢવી, તૃપ્તિ ગઢવી, જશુ આહીર વગેરે ગરબાની રમઝટ બોલાવશે. ત્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં વસતાં તમામ આહીર સમાજના ભાઈબહેનોને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.સોલંકી નરસિંહભાઈ સવાજી** ઉ.વ.૮૪, સેકટર-૧૩
- **સ્વ.વાઘેલા નેહલબેન વિજયસિંહ** ઉ.વ.૨૬, પેથાપુર
- **સ્વ.ઠાકોર મુકેશ ભલાજી** ઉ.વ.૩૫, ઈન્દ્રોડા
- **સ્વ.દરજી રમેશભાઈ બેચરભાઈ** ઉ.વ.૬૪, સેકટર-૨૪

● રૂદ્રભૂમિ ●

- **સ્વ.ઠાકોર ધુળીબેન નેનાજી** ઉ.વ.૬૭, તારાપુર